મે. વડોદરાના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં ,પ્રથમ કોર્ટ, વડોદરા.

ગુ.મુ.નં.૫૩૮૯૯/૨૦૧૪

..

ફરીયાદી – શ્રી સ ર કા ર

વિરુદ્ધ

આરોપી– (૧) લાલજીભાઇ મુળજીભાઇ રબારી

**ગુન્હોઃ–ઇ.પી.કો.કલમ–૨૭૯ ,૩૩૭ ,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબ ....**

**ચુ કા દો**

(૧) ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭ ,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબ નુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨)આજરોજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક. ૩ થી ગુના કબુલાત પુરસીસ રજુ કરતા અને આંક– ૪ થી પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલી છે.

(૩) આરોપીની સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીનો પ્રથમ ગુનો છે આરોપીની આર્થિક અને સામાજીક સ્થિતી ધ્યાને લેતા અને દયાની માંગણી કરતા હોય તે ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧) આ કામના આરોપીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ અન્વયે ઇ.પી.કો.કલમ–૨૭૯ ,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૨૦૦૦/–(અકે રૂપીયા બેહજાર પુરા)દંડની સજા ફરમાવું છું. અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે .

હુકમ આજરોજ તા.૧૩/૭/૨૦૧૯ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

વડોદરાઃ
તા. ૧૩/૦૭/૨૦૧૯

(આર.આઈ. ચોપરા)
જયુડી.મેજી. ફ.કલાસ.
પ્રથમ કોર્ટ ,વડોદરા.
Code : NO. GJ -00765